**રે.દર.નં.૬૫/૨૦૨૩**

## આંક–૧ લગત હુકમ

દરખાસ્ત વાદીએ હાલની દરખાસ્ત સમરી સ્યુટ નં.૭૪/૨૦૨૨ ના કામે કોર્ટે તા.૦૨–૦૨–૨૦૨૩ ના રોજ કરેલ હુકમનામા મુજબ રૂા.૨૨,૭૫,૨૩૪/– વસુલ મેળવવા માટે દાખલ કરેલી છે.દરખાસ્ત વાદીએ આંક–૧૬ થી તા.૨૧–૧૧–૨૦૨૫ ના રોજ સમરી સ્યુટ નં.૭૪/૨૦૨૨ ના કામે થયેલ હુકમ વિરૂધ્ધ કરવામાં આવેલ કોર્મશીયલ અપીલ નં. ૨૦/૨૦૨૪ ના કામે કરવામાં આવેલ હુકમની નકલ રજુ કરેલી છે ત્યારબાદ દરખાસ્ત વાદીએ આંક–૨૦ તથા ૨૧ થી ના.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ કરવામાં આવેલ R/SPECIAL CIVIL APPLICATION NO.17802/2025 ના કામે તા.૦૫–૦૧–૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ હુકમ ની નકલ રજુ કરેલી છે.આ કામે કોર્મશીયલ અપીલ ના કામે કરવામાં આવેલ હુકમ ની વિરૂધ્ધ ના.ગુજરાત હાઇકોર્ટમાં સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન દાખલ કરવામાં આવેલી છે અને તેની નકલ વાદીએ જ રજુ કરેલી છે જે વંચાણે લેતા, ના.ગુજરાત હાઇકોર્ટ ધ્વારા દરખાસ્ત વિરૂધ્ધ કોઇ ''સ્ટે'' આપવામાં આવેલો નથી.દરખાસ્ત નુ રોજકામ જોતા દરખાસ્ત આગળની કાર્યવાહી માટે ચાલે છે પરંતુ દરખાસ્ત વાદી ધ્વારા આગળની કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી.દરખાસ્ત ૩– વર્ષ કરતા વધારે જુની છે તેમછતા દરખાસ્ત વાદી ધ્વારા આગળની કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.ના.સર્વોચ્ચ અદાલતે આપેલા ડાયરેકશન મુજબ દરખાસ્ત ૬–મહીનામાં પુરી કરવાની રહે છે.આજરોજ દરખાસ્ત વાદી તથા તેઓના વિ.વકીલશ્રીનો વારંવાર પોકાર કરાવવા છતા કોઇ હાજર નથી કે કોઇ મુદત અરજી કોર્ટ સમય પુરો થતા સુધી આપવામાં આવેલી નથી. દરખાસ્ત ૬–મહિના જુની છે પરંતુ દરખાસ્ત વાદી હાજર ન હોવાથી હાલની દરખાસ્ત ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જામનગર (બી.જી.પટેલ)

તા.૧૫/૦૪/૨૦૨૬ બીજા એડી. સીનીયર સીવીલ જજ

જામનગર